જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફોર્ટીફાઇડ રાઇસનું વિતરણ કરવાની ભારત સરકારની પાયલોટ યોજના હેઠળ રાજ્યમાં ફોર્ટિફાઇડ રાઇસનું વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૩૯૮૦૪/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૭/૦૬/૨૦૧૯

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ભારત સરકારનો તા.૧૪/૦૨/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: **15-1/2017-BP-II.**

<u>આમુખ :-</u>

સંદર્ભ (૧) માં જણાવેલ પત્રથી ભારત સરકાર દ્વારા એનિમિયા અને સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપને દૂર કરવાના હેતુસર પ્રાયોજિત પાયલોટ યોજના "Fortification of Rice and its Distribution under Public Distribution System" ને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. ભારત સરકારની પાયલોટ યોજના હેઠળ રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફોર્ટિફાઇડ ચોખાનું વિતરણ કરવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

(૧) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન નર્મદા જિલ્લામાં અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબોને NFSA હેઠળ મળવાપાત્ર ચોખાના જથ્થા સામે તેટલા જ પ્રમાણ-ભાવથી ફોર્ટિફાઇડ ચોખાનું વિતરણ કરવાનું રહેશે.

(૨) ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૧૮-૧૯ દરમ્યાન લઘુત્તમ ટેકાના ભાવે પ્રાપ્ત કરવામાં આવેલ ૧૩૭૪૧.૫૭૩ મે.ટન ડાંગરના મીલીંગ તથા ભારત સરકારે નક્કી કરેલા ધોરણો મુજબ મીલીંગ દરમ્યાન બ્લેન્ડીંગ/ફોર્ટિફિકેશન કરવાની કામગીરી ગુ.રા.ના.પુ.નિ.લિ. એ કરવાની રહેશે તથા તે ફોર્ટિફાઇડ ચોખા PDS, MDM અને ICDS યોજના હેઠળ ઉપલબ્ધ કરાવવાના રહેશે.

(3) મિલર્સ, વાજબી ભાવની દૂકાનના સંચાલકો વગેરે માટે ટ્રેઇનીંગ, અને કેપેસીટી બિલ્ડીંગ તેમજ **Quality Control** અંગેની કાર્યવાહી આ અંગેની ગ્રાન્ટની મર્યાદામાં ગુ.રા.ના.પુ.નિ.લિ. એ કરવાની રહેશે.

(૪) આ યોજના અને તેના હેતુઓ અંગે નિયામકશ્રી, અ.ના.પુ. કચેરીએ વિવિધ પ્રચાર માધ્યમોમાં આ અંગેની ગ્રાન્ટની મર્યાદામાં બહોળો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

(૬) આ યોજના અંગેનો ખર્ચ ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ૭૫:૨૫ ના પ્રમાણમાં ભોગવવાનો રહેશે.

(૫) આ યોજના માટે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | :- | ૨૨ |
| મુખ્ય સદર | :- | ૨૪૦૮ (ખાદ્ય સંગ્રહ અને વખાર વ્યવસ્થા) |
| પેટા મુખ્ય સદર | :- | ૦૧ - ખોરાક |
| ગૌણ સદર | :- | ૦૦૪ - સંશોધન અને મૂલ્યાંકન |
| પેટા સદર | :- | ૦૯ – ચોખાનું ફોર્ટીફિકેશન અને તેનું જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નયના પટેલ)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, બ્લોક નં. ૧૪/૬, સચિવાલય, ગાંધીનગર.
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લિ., સેક્ટર ૧૦ એ, ગાંધીનગર.
૩. કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. જિલ્લા કલેક્ટરશ્રી, નર્મદા
૬. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, નર્મદા

નકલ રવાના :-

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રા.ક. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
૪. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર.
૫. સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)
૬. સીલેક્ટ ફાઇલ